# ભર ઉનાળે શરદી-ફ્લૂની સમસ્યામાં ઉછાળો

**આપણી બદલાયેલી લાઇફ-સ્ટાઇલ, હવામાના કેટલાક વાઇરસ અને ખોટી હેબિટને કારણે અત્યારના સમયમાં વાઇરલ ઇન્ફેક્શનના ઘણા કેસ જોવા મળી રહ્યા છે.**



ગાંધી.તા.૧૪

શિયાળામાં ઠંડી વધુ હોય એટલે શરદી થાય એ સમજાય, પણ ઉનાળામાં થાય તો સહેજ નવાઈ લાગેને? જોકે આપણી બદલાયેલી લાઈફ-સ્ટાઈલ, હવામાના કેટલાક વાઈરસ અને ખોટી હૅબિટને કારણે અત્યારના સમયમાં વાઈરલ ઈન્ફેક્શનના ઘણા કેસ જોવા મળી રહ્યા છે. શરદી, ખાંસી, તાવ, ઊલટી જેવી તકલીફો થઈ રહી છે. આ સીઝનમાં થતા વાઈરલ ઈન્ફેક્શન પાછળનાં મુખ્ય કારણો કયાં અને એને કઈ રીતે તેને અટકાવી શકાય એ વિશે ઍલોપથી અને આયુર્વેદ બન્ને દૃષ્ટિકોણ જોઈએ.

જેમ જેમ હવામાન ગરમ થાય છે, મોટા ભાગના શરદી પેદા કરતા વાઈરસ બદલાઈ જાય છે.એન્ટરોવાયરસ પણ તેમાંથી એક છે. આ વાયરસ ઉનાળામાં શરદીનું કારણ બને છે, ઉપલા શ્વસન માર્ગમાં ચેપનું કારણ બને છે. જેના કારણે આપણું નાક વહેવા લાગે છે અને ગળામાં દુખાવો થાય છે. આ સિવાય તે કેટલાક લોકોમાં પેટની સમસ્યા પેદા કરે છે. ઠંડી અને ગરમીના કારણે લોકો આ સિઝનમાં શરદી અને ઠંડીનો શિકાર બને છે. વાસ્તવમાં, આ તાપમાનમાં ફેરફાર અને ગેપને કારણે છે. જેમ કે બહાર કંઈક અને તમારા શરીરની અંદર કંઈક. આવી સ્થિતિમાં, તમને લાંબા સમયથી શરદી અને ફ્લૂ થઈ શકે છે અથવા તે તમને સતત પરેશાન કરી શકે છે.

## આયુર્વેદની દૃષ્ટિએ:

આપણું શરીર વાત, પિત્ત અને કફનું બનેલું છે. ઉનાળામાં આટલી ગરમીમાં કઈ રીતે કફ સાથે સંકળાયેલી શરદી થઈ શકે છે.આપણે ત્યાં બે જાતની શરદી છે, ગરમીની અને ઠંડીની. ગરમીમાં અતિશય ઠંડા પદાર્થો નું સેવન કરવાને કારણે થનારી શરદી ગરમીની શરદી કહેવાય.બહારના તાપમાન ની પણ શરીર પર અસર તો પડતી જ હોય છે. ગરમીમાં થતી શરદીમાં પિત્તજન્ય સુકો કફ થતો હોય છે.

ગરમીમાં આપણો અગ્નિ મંદ પડ્યો હોય, જેને કારણે આપણને ખોટી ભૂખ લાગતી હોય છે.ગરમીમાં આપણે બરફ નાખેલાં પીણાં વધુ પીતા હોઈએ છીએ. હવે આ પીણાં તમે પેટમાં નાખો એટલે સૌથી પહેલાં તમારી હોજરી સંકોચાઈ જાય બરફને કારણે. જેમ બરફ હાથમાં લાંબો સમય પકડો તો હાથની ચામડી સંકોચાઈ જાય એ જ રીતે. હવે થોડીક વાર પછી એ હોજરી ફરી ખૂલે એટલે એમાંથી એસિડ પેદા થાય અને ખોટેખોટી ભૂખ લાગે.તાવ, શરદી કે ખાંસી જ નહીં, અન્ય બીમારીઓ પણ આને લીધે થાય છે. બીજું, ગરમીમાં વાઇરસ નું પ્રમાણ વધુ હોય એનું એક કારણ એ પણ છે કે ગરમીમાં ઠેર-ઠેર પડેલા કચરામાં ફર્મેન્ટેશન થાય અને એ હવામાં વાઇરસ પણ વધારે. તમે ઉનાળામાં દુર્ગંધ વધુ આવે એ પણ અનુભવ્યું હશે. એની પાછળનું કારણ પણ એ જ છે.

### શું કરવું, શું નહીં:

ગરમીમાં વાઈરસ આપણા પર હાવી ન થાય એ માટે તમારે નાકની અંદર ઘી અથવા તેલ ચોપડવું જોઈએ. વરસાદમાં કાટ ન લાગે એટલે દરવાજા પર જેમ ગ્રીઝ લગાડો એ રીતે. એનાથી શ્વાસ દ્વારા કોઈ વાઈરસ શરીરમાં નહીં જાય

આ સીઝનમાં રોગપ્રતિકારક શક્તિ વધારવા અને વાઈરસથી રક્ષણ મેળવવા સવાર-સાંજ સૂંઠ નાખી નવશેકું પાણી પીવું.

તરત જ ઠંડકમાંથી ગરમીમાં અથવા ગરમીમાંથી ઠંડા ટેમ્પરેચરમાં આવજાવ ન કરવી.બને એટલું શરીરને કવર કરીને રાખવું.બરફનાં પીણાં પીવાને બદલે શરીરની અંદરનું ટેમ્પરેચર કન્ટ્રોલ કરવા માટે દેશી પીણાં ટ્રાય કરવાં.આમપન્ના, ખસનું શરબત, ગોળ- વરિયાળીનું પાણી વગેરે પીવાં. કાચી કેરી, કાકડી અને કાંદાનું કચુંબર પણ આ સીઝનમાં તમારી બૉડીને હીટ સામે રક્ષણ આપવામાં મદદ કરે છે.

## એલોપેથીની દૃષ્ટિએ:

અત્યારના સમયમાં જ નહીં, પણ કોઈ પણ સીઝનલ ચેન્જની અસર શરીર પર થતી હોય છે. હવે ઉનાળા પછી ચોમાસું આવશે તો ત્યારે પણ આ પ્રકારની તકલીફો હશે.

વેધર ચેન્જ થાય એટલે વાઈરસની તીવ્રતા બદલાય. વાઈરસની માત્રા વધે એટલે વાઈરસ દ્વારા થતા ઈન્ફેક્શનની માત્રા પણ વધે. હવામાં રહેલા વાઈરસ નબળી ઈમ્યુન એટલે કે નબળી રોગપ્રતિકારક શક્તિ ધરાવનારાને વધુ અસર કરે. બીજું, આ સીઝનમાં આપણી લાઈફસ્ટાઈલ પણ બદલાય. જેમ કે ઉનાળામાં આપણે ઠંડં-ઠંડું ખાવા અને પીવા માટે પ્રેરાતા હોઈએ, જે રોગપ્રતિકારક શક્તિને વધુ નબળી કરીને વાઈરસની એન્ટ્રીને વધારે. આજે તમે બહાર જે પણ ઠંડાં પીણાં પીઓ છો એ તમારી બૉડીના નૅચરલ ડિફેન્સ મેકૅનિઝમને અસર કરે છે. આપણી શ્વાસનળીમાં સિલિયા નામના ઝીણા-ઝીણા વાળ હોય છે જે કોઈ પણ પ્રકારના ફૉરેન પાર્ટિકલને, ડસ્ટને, વાઈરસને ફેફસામાં અંદર જતાં રોકે. વધુ પડતો ચિલ્ડ આહાર અને પ્રવાહી આ નૅચરલ ડિફેન્સ સિસ્ટમને અસર કરે છે. એથી પણ વાઈરસ આપણને જલદી અસર કરે છે. આખું વર્ષ તમે ઠંડું ન પીતા હો અને અચાનક ગરમીમાં પીવાનું શરૂ કરો તો એની પણ અસર થાય જ.આ પ્રકારના વાઈરસ તરત લક્ષણો નથી દેખાડતાં, પણ ઈન્ફેક્શન લાગ્યાના ચોવીસથી બોતેર કલાક પછી એનાં લક્ષણો દેખાય છે જેને વાઈરસનો ઈક્સબિશન પિરિયડ કહેવાય છે. નાકમાંથી પાણી આવવું, ખાંસી અને છીંક દ્વારા વાઈરસને શરીર બહાર કાઢવાની કોશિશ કરે છે. આ પ્રકારના અપર રેસ્પિરેટરી ઈન્ફેક્શનને સામાન્ય સંજોગોમાં બહુ હેવી ઍન્ટિબાયોટિક મેડિસિનના ડોઝની જરૂર નથી હોતી. સામાન્ય રીતે તાવ હોય તો બે દિવસમાં, શરદી, ગળાની ખરાશ અને ખાંસી સાતથી દસ દિવસમાં રિકવર થઈ જાય છે.'

### શું કરવું, શું નહીં:

ઉનાળામાં શરીરમાં સામાન્ય તાપમાન વાળું પાણી વધુ પ્રમાણમાં પીવાનું શરૂ કરી દેવું. ડીહાઈડ્રેશન ન થાય એનું ધ્યાન આ સીઝનમાં રાખવું જરૂરી છે, કારણ કે ડીહાઈડ્રેશન પણ તમારી રોગપ્રતિકારક શક્તિ ઓછી કરવામાં કારણભૂત હોય છે.

આર્ટિફિશ્યલ કલરવાળાં પીણાં, કોલ્ડ ડ્રીંક, આઈસક્રીમ વગેરે અનહાઈજિનિક હોય એવી ઠંડી વસ્તુઓથી દુર રહેવું.

શાકભાજી, ફળો, આખું ધાન જેવા સંતુલિત આહારને સ્થાન આપો.નિયમિત કસરત કરો. આટલું કરવાથી જ તમારી રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનશે જે તમને આ પ્રકારનાં ઘણાં ઈન્ફેક્શનથી કુદરતી રીતે જ બચાવશે.

## સે. ૨ના બગીચામાં કોમન પ્રોટોકોલ યોગ શિબિર યોજાઈ



વિશ્વ યોગ દિવસનું કાઉન્ટ ડાઉન શરૂ થઈ ગયું છે. વિશ્વ યોગ દિવસને અનુલક્ષીને ગાંધીનગરમાં ગુજરાત રાજ્ય યોગ બોર્ડના દ્વારા સેક્ટર-૨ના બગીચામાં યોગ દિવસના કોમન પ્રોટોકોલ અનુસાર સેક્ટર-૨ના યોગ ટ્રેનર સ્મિતાબેન મોદી દ્વારા એક દિવસીય યોગ શિબિર યોજવામાં આવી હતી જેમાં આશરે ૨૫૦થી વધુ યોગાર્થીઓએ ભાગ લીધો હતો. રાજ્ય યોગ બોર્ડના મહાનગરપાલિકા વિસ્તારના યોગ કોઓર્ડિનેટર ભાવનાબેન જોશી, યોગ કોચ યોગેશભાઈ તેમજ આશાબેન મહેતાએ યોગ નિદર્શન કર્યુ હતું જેમાં વિશ્વ યોગ દિવસના કોમન પ્રોટોકોલ અનુસાર યોગ-પ્રાણાયામ કરાવાયાં હતા.



સેક્ટર ૨૭ આનંદનગર ખાતે એક ટ્રેક્ટર ખાડામાં ફસાયું છે. આ સોસાયટીમાં અગાઉ પણ વસાહતીઓની ગાડીઓ ખાડામાં ફસાઈ ગઈ હતી. ખોદકામ કર્યા બાદ યોગ્ય પુરાણ કરવામાં બેદરકારી દાખવતા આવા દ્રશ્યો બની રહ્યા છે.

## જિલ્લા લોક અદાલતમાં ૪૩૫૦ કેસોનો સમાધાનથી નિકાલ કરાયો

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લાની તમામ તાલુકાની અદાલતમાં પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ તથા અધ્યક્ષ, જિલ્લા કાનુની સેવા સત્તામંડળ ગાંધીનગરના શ્રી જે.આર.શાહના અધ્યક્ષતા હેઠળ તાજેતરમાં નેશનલ લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું હતું. આ લોક અદાલતમાં મોટર અકસ્માતના ૩૮ કેસોનો સમાધાનથી નિકાલ કરી ૨,૦૨,૧૩,૦૦૦/-નું વળતર ચુકવવાનો આદેશ કરાયો હતો તો અન્ય ૮૮૮ કેસમાં સમાધાનથી નિકાલ કરવામાં આવ્યા હતા તેમ સ્પે.સીટીંગમાં ૨૦૭૬ ફેસલ કરવામાં આવ્યા હતા.તો પ્રિલીટીગેશન લોક અદાલતમાં કુલ ૧૩૪૮ કેસનો સમાધાનથી નિકાલ મળી આમ કુલ ૪૩૫૦ કેસોનો સમાધાનથી નિકાલ કરવામાં આવ્યો હતો. ઉપરોકત કેસોમાં સમાધાન કરવા માટે જિલ્લા કાનુની સેવા સત્તામંડળ ગાંધીનગરના સચિવ વી.એસ.ગઢવી દ્વારા વિવિધ મીટીંગોનું આયોજન કરી વધુને વધુ સમાધાનથી નિકાલ થાય તેવા પ્રયત્ન કરવામાં આવ્ હતા. આ લોક અદાલતને ગાંધીનગર જિલ્લાના તમામ જયુડીશીયલ ઓફીસરો, વકીલો તેમજ સ્ટાફના અથાગ પ્રયત્નો દ્વારા સફળ બનાવી હતી.

## માતૃત્વ દિવસ અને યાયાવર પક્ષી દિવસ-૨૦૨૩ની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા.૧૪

સામાન્ય રીતે સામાજીક પ્રસંગોની ઉજવણી આપણે હોટલોમાં જમણવાર કરીને કે બહાર ફરવા જઈને જેવા અનેક રીતે મોટા ખર્ચાઓ કરીને કરતા હોઈએ છીએ. ગાંધીનગર આજે ૧૪મી મે "માતૃત્વ દિવસ" અને "યાયાવર પક્ષી દિવસ-૨૦૨૩"નો અનોખો સંગમ હતો જેની ઉજવણી શહેરના પર્યાવરણ પ્રેમી પરિવારે ચકલીના માળા વહેંચીને કરી હતી.

ગાંધીનગરના પર્યાવરણ પ્રેમી ચકલી અને પક્ષીઓ બચાવો અભિયાન ચલાવતા કુસુમબેન સુથારના પરિવારે અનોખી રીતે ઉદાહરણ પુરૂ પાડી કરી હતી. કુસુમબેન અને તેમના પતિ ધર્મેન્દ્ર સુથારે તેમની એનઆઈડી ગાંધીનગરમાંથી "ડિઝાઈનર" બનેલી દિકરી કુ. દુર્ગા સુથારને જોબ મળ્યાને એક વર્ષ પુરું થવાના પ્રસંગે જોગાનુજોગ માતૃત્વ દિવસ અને યાયાવર પક્ષી દિવસ-૨૦૨૩ હોવાથી તેની ઉજવણી ઈન્દ્રોડા નેચર પાર્કના કર્મચારીઓને ચકલીના માળા વહેંચીને કરી હતી જેના થકી તેમણે પાટનગર વાસીઓને પ્રેરણારૂપ ઉદાહરણ




પુરૂ પાડ્યું હતું.

આ પ્રસંગે ઈન્દ્રોડા નેચર પાર્કના અધિકારી નાયબ નિયામક આર.બી. સોલંકી, આલાપ પંડિત અને સ્ટાફના સભ્યો હાજર રહ્યા હતા. માળા વિતરણના સમાપને આર. બી. સોલંકીના હસ્તે યુવા પર્યાવરણ પ્રેમી કુ. દુર્ગા સુથારને પર્યાવરણ જાળવણીના પ્રયાસ કરવા બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં કરવામાં આવ્યું હતું.

## સેક્ટર-૭માં જે.એમ. ચૌધરી સ્કૂલ ખાતે દુર્ગાવાહિનીનો પ્રશિક્ષણ શિબિર સંપન્ન

**સમગ્ર ઉત્તર ગુજરાત પ્રાંતમાંથી ૧૫થી ૩૫વર્ષની ઉંમરની ૨૧૦ બહેનોએ રાયફલ શુટીંગ, લાઠી, તલવારબાજી, તિરંદાજી, દોરડા ચઢાણ, કરાટે તથા અનેક શારીરિક કસરતોની તાલીમ મેળવી**




ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગરના સેક્ટર-૭માં જે.એમ.ચૌધરી મહિલા સ્કુલ ખાતે તા-૭મી મેથી ૧૪મી મે સુધી વિશ્વ હિન્દુ પરિષદના ઉત્તર ગુજરાત પ્રાંત દ્વારા દુર્ગાવાહિની પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરાયું હતું જેનો આજે સમાપન સમારંભ યોજાયો હતો. સમાપન સમારંભમાં ગ્રામભારતીના સાધ્વી કૃષ્ણાગીરીજીએ આશીર્વચન આપ્યાં હતાં તેમજ વિશ્વ હિન્દુ પરિષદના ગુજરાત ક્ષેત્રિય દુર્ગાવાહિની સંયોજિકા યજ્ઞાબેન જોશી, ઉ.ગુ.પ્રાંત અધ્યક્ષ અને દુર્ગાવાહિનીના વાલી રાજેશભાઈ ઠાકર, ઉ.ગુ.પ્રાંત મંત્રી નલીનભાઈ પટેલ, પ્રાંત સહ મંત્રી મુકેશભાઈ ગોર, પ્રાંત સામાજિક સમરસતા સહ પ્રમુખ પ્રવીણભાઈ ભટ્ટ, પ્રાંત દુર્ગાવાહિની સંયોજિકા નૂપુરબેન પટેલ, ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ મહેન્દ્રભાઈ મોડીયા તેમજ ગાંધીનગર જિલ્લા દુર્ગાવાહિની સંયોજિકા ધાત્રીબેન પટેલ અને અખિલ આજણાં કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરી ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમમાં દુર્ગાવાહિની વર્ગની દીકરીઓએ પ્રશિક્ષણ વર્ગ દરમ્યાન શીખેલી કળાઓનું પ્રદર્શન કર્યુ હતું.

આ પ્રશિક્ષણ વર્ગમાં સમગ્ર ઉત્તર ગુજરાત પ્રાંતમાંથી ૧૫થી ૩૫વર્ષની ઉંમરની ૨૧૦ બહેનોએ ભાગ લીધો હતો જેમાં આ તમામ બહેનોને રાયફલ શુટીંગ -દંડ ( લાઠી)- તલવાર બાજી -તીરંદાજી - દોરડા ચઢાણ- કરાટે તથા અનેક શારીરિક કસરતો દ્વારા પ્રશિક્ષણ આપવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે તા ૧૨/૦૫ /૨૦૨૩ના રોજ એક શૌર્ય યાત્રાનું આયોજન પણ બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું. આ યાત્રા ચૌધરી સ્કુલથી નીકળી ઘ-૩ પથિકાશ્રમ સર્કલથી ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનથી ભારતમાતા મંદિર થઈને સેક્ટર ૭ શોપીંગથી પરત ચૌધરી સ્કુલ આવી હતી.

યાત્રા દરમ્યાન સેક્ટર ૭ પટેલ સમાજની વાડીએ ભારતીય જનતા પાર્ટીના શહેર પ્રમુખ રુચિરભાઈ ભટ્ટ, શહેરના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ તથા વોર્ડ નંબર-૧૦ના કોર્પોરેટર મહેન્દ્રભાઈ દાસ વોર્ડ નંબર-૧૦ના ભાજપના મહામંત્રી જૈમીનભાઈ સહિત ભાજપના અગ્રણી હોદ્દેદારોએ હાજર રહી યાત્રાનું સ્વાગત કર્યુ હતું. શોપિંગ સેન્ટરે દુર્ગાવાહિની બહેનો દ્વારા લવજેહાદ સામે જાગૃતિ અંગે કૃતિ રજૂ કરી હતી.

આમ સમગ્ર યાત્રા ખૂબ જ સફળતાપૂર્વક પૂરી થઈ હતી તથા આ સાત દિવસના વર્ગમાં વીએચપીના કેન્દ્રીય સહમંત્રી અજય પારેખ તથા સહમંત્રી રાજેશભાઈ તિવારીએ પણ મુલાકાત લીધી હતી.

આ સાથે પ્રાંતમાંથી તથા ક્ષેત્રમાંથી અનેક પદાધિકારીઓએ વર્ગની મુલાકાત લીધી હતી આ સમગ્ર દુર્ગાવાહિની પ્રશિક્ષણ વર્ગનું સંપૂર્ણ સંચાલન દુર્ગાવાહિની સંયોજિકા નૂપુરબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## માતૃ દિવસે ઉવારસદમાં માતા-પિતાનું જીવન પર્વ ઉજવ્યુ

**નિ:સ્વાસ્થ પ્રેમની પરાકાષ્ઠા એટલે માં અને દરિયા જેવું મન રાખતા પિતાના આત્મકલ્યાણ અર્થે તેમનુ પૂજન-અર્ચન કર્યુ, ઢળતી ઉંમરે સંતાનોના મળેલા પ્રેમથી મા-બાપ ગદ્દગદ્દ થઈ ગયા**

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના ઉવારસદ ગામે પટેલ પરિવારે માતૃ દિવસની અનોખી રીતે ઉજવણી કરી હતી. આ પરિવારે આજના આ દિવસે મા-બાપનું જીવન પર્વ ઉજવી તેમના આશીર્વાદ મેળવી ધન્યતા અનુભવી હતી. તો વયોવૃધ્ધ મા-બાપ પણ સંતાનોના અનહદ પ્રેમથી ગદ્દગદ્દ થઈ પોતે આપેલા શ્રેષ્ઠ સંસ્કારોના સાક્ષાત્કારથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

ઉવારસદ ગામે જયંતિભાઈ ગોવિંદભાઈ પટેલ અને સુરેશભાઈ ગોવિંદભાઈ પટેલે પોતાના મા-બાપના પૂજન અર્ચન કરવા માતૃ દિવસ પસંદ કરી ઋણ અદા કરવાનું નક્કી કર્યુ હતુ. જે મુજબ આ બે દિકરાઓએ ઉવારસદની



બારગામ કડવા પાટીદાર વાડીમાં માતા કાંતાબેન અને પિતા ગોવિંદભાઈ સાંકાભાઈ પટેલનું જીવનપર્વ રવિવારના રોજ સવારે આમંત્રિત સગાં-વહાલા, મિત્રમંડળ અને ગ્રામજનોની હાજરીમાં ઉજવ્યુ હતુ.

વહેલી સવારે માતા-પિતાને આ બન્ને દિકરાઓ તથા તેમના સંતાનોએ મંડપમાં ઉચ્ચસ્થાને બેસાડી પૂજન-અર્ચન કરી દરેક ઘરના સભ્યએ આશીર્વાદ મેળવ્યા હતા. મા-બાપના આત્મકલ્યાણ અર્થે માતૃ દિવસે જ કરાયેલ આ પ્રસંગથી પંથકમાં પરિવાર માટે માનની લાગણી ઉભી થઈ હતી.

નિ:સ્વાર્થ પ્રેમની પરાકાષ્ઠા એટલે માં અને પોતાના સંતાનો માટે દરિયા જેવું મન ધરાવતા પિતાની થઈ રહેલી પૂજાથી હાજર સૌ કોઈ ભાવ-વિભોર બન્યા હતા. તો બીજી તરફ ઢળતી ઉંમરે વયોવૃધ્ધ થયેલા આ મા-બાપ પણ સંતાનોના આવા સંસ્કારી કાર્યથી સંતુષ્ઠ બની આંખોમાં અશ્રુ આવી ગયા હતા. માતા કાંતાબેને માતૃ દિવસે થયેલી તેમની આરતીને સંતાનોને આપેલા શ્રેષ્ઠ સંસ્કારનું પરિણામ ગણાવ્યું હતુ. તો પરિવારે પણ મા-બાપે આપેલુ આ જીવન જ અમારા માટે અમુલ્ય છે તેમ જણાવ્યુ હતુ.

## રાજપૂત ભવન ખાતે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટેના ક્લાસનો શુભારંભ કરાયો



ગાંધીનગર, તા. ૧૪

રાજપૂત સમાજના દિકરા દિકરીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીઓ માટેના ક્લાસીસનો શુભારંભ રાજપૂત ભવન, સે. ૧૨ ખાતે કરવામાં આવ્યો હતો. જેમાં ૮૦ થી વધુ દિકરા-દિકરીઓએ ભાગ લીધો હતો.આ પ્રસંગે રાજપૂત સમાજના પ્રવિણસિંહ ડાભી, ભીખુસિંહ ચાવડા, વિક્રમસિંહ ગોલ, પ્રેસ સચિવ પુલક ત્રિવેદી, પી.પી. બિહોલા, કેશરીસિંહ વાઘેલા, રઘુસિંહ ગોલ, વિનોદસિંહ રાઠોડ તેમજ ધારાશાસ્ત્રી બાર કાઉન્સીલના સભ્ય શંકરસિંહ ગોહિલ વિગેરે મોટી સંખ્યામાં સમાજના અગ્રણીઓ હાજર રહી પ્રોત્સાહન પુરૂ પાડ્યુ હતુ. કાર્યક્રમનું સંચાલન ભાવનાબા રાઓલ અને ગીતાબા ચાવડાએ કર્યુ હતુ.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧